પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૬૪ | ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩, બુધવાર; બીજો શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

સમગ્ર વિશ્વની નજર ચંદ્રયાન-૩ ઉપર

ચંદ્રયાન-૩ આજે સાંજે ૬.૪૫ વાગે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરશે : ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં : ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું કાલે સાંજે ૫.૨૦ વાગ્યાથી લાઈવ પ્રસારણ : ઈસરોએ લેન્ડર ઈમેજર કેમેરા ૪થી લીધેલી તસવીરો એક નાના વીડિયોના માધ્યમથી ટ્વીટ કરીને જાહેર કરી



નવી દિલ્હી, તા.૨૨

ભારતનું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ હવે તેના અંતિમ તબક્કામાં છે. ઈસરોના વૈજ્ઞાનિકોની સાથે સાથે હવે દેશના લોકોના હૃદયના ધબકારા પણ વધી રહ્યા છે. આ દરમિયાન ઈસરોના ચેરમેન એસ સોમનાથે ૨૩ ઓગસ્ટના રોજ સફળ સોફ્ટ-લેન્ડિંગનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. એસ સોમનાથે કહ્યું આ આત્મવિશ્વાસ લોન્ચ પહેલાની તમામ તૈયારીઓ અને ચંદ્રની યાત્રામાં સંકલિત મોડ્યુલ અને લેન્ડિંગ મોડ્યુલ દ્વારા કરવામાં આવેલી મુશ્કેલી-મુક્ત પ્રગતિથી આવ્યો છે. અમને વિશ્વાસ છે કારણ કે અત્યાર સુધી બધું બરાબર છે અને આ સમય સુધી કોઈ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો નથી. ઈસરોના ચેરમેને વધુમાં કહ્યું, 'અમે તમામ તૈયારીઓ કરી લીધી છે અને આ તબક્કા સુધી તમામ સિસ્ટમોએ અમારી જરૂરિયાત મુજબ કામગીરી કરી છે. હવે અમે મલ્ટિપલ સિમ્યુલેશન, વેરિફિકેશન અને સિસ્ટમ્સની ડબલ વેરિફિકેશન સાથે લેન્ડિંગની તૈયારી કરી રહ્યા છીએ, સાધનોના સિસ્ટમની તપાસ કરવામાં આવી રહી છે.હવે દુનિયાની નજર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પર છે. કારણ કે રશિયાનું ચંદ્ર મિશન લુના-૨૫ ચંદ્ર સાથે અથડાયા બાદ ક્રેશ થયું હતું. વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૩ વચ્ચેના ચાર મૂન લેન્ડિંગ મિશનમાંથી ત્રણ નિષ્ફળ ગયા છે. ચીનના ચાંગ-ઈ-૫ સિવાય, અન્ય તમામ - ઈઝરાયેલનું બેરેશીટ, જાપાનનું હાકુટો-આર, ભારતનું

● અનુસંધાન પાન-૭ પર

તાત્કાલિક સુનાવણી માટે સુપ્રીમની નવી નીતિ

મોડી રાત્રે તિસ્તા સેતલવાડને જામીન આપવા બદલ સુપ્રીમ કોર્ટની ટીકા થઈ હતી : નવી એસઓપી પ્રમાણે ઈમેઈલના માધ્યમથી સુપ્રીમમાં જાણ કરી શકાશે : ચીફ જસ્ટીસ ચંદ્રચુડ સીધી નજર રાખશે

નવી દીલ્હી, તા.૨૨

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા બળાત્કાર પીડીતાને ગર્ભપાતના આપવામાં આવેલા ચુકાદાથી સુપ્રીમ કોર્ટમાં ભારે નારાજગી જોવા મળી હતી. તો સુપ્રીમ કોર્ટ દ્વારા આ મામલે ગુજરાત હાઈકોર્ટનો ઉધડો પણ લેવામાં આવ્યો હતો. જેથી ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે સુપ્રીમ કોર્ટમાં અર્જન્ટ બાબતોની તાત્કાલિક સુનાવણી માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) નક્કી કરવા નોબત આવી છે. નવી એસઓપી બાબતે ગુજરાતમાંથી ૨૮ સપ્તાહની ગર્ભવતી બળાત્કાર પીડિતાએ ગર્ભપાતની પરવાનગી મેળવવી એ એનું નવીનતમ ઉદાહરણ છે.

હરિયાણાના નૂંહ હિંસા કેસમાં અર્જન્ટ હિયરિંગ માટે CJI ચીફ જસ્ટીસ ચંદ્રચૂડે જમ્મુ અને કાશ્મીરથી સંબંધિત કલમ ૩૭૦ નાબૂદને પડકારતી અરજીઓની સુનાવણી અસ્થાયી રૂપે અટકાવી દીધી હતી. અર્જન્ટ હિયરિંગના કેસોમાં ઈમેલ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તિસ્તા સેતલવાડ અને નૂંહ હિંસા કેસની તાત્કાલિક સુનાવણી પણ નવી નીતિ હેઠળ કરવામાં આવી હતી. ૧ જુલાઈની રાત્રે તિસ્તા સેતલવાડને જામીન આપવા બદલ સુપ્રીમ કોર્ટની ટીકા થઈ હતી. સુપ્રીમ કોર્ટનાં સૂત્રોએ જણાવ્યું હતું કે નવી એસઓપી હેઠળ હવે અર્જન્ટ બાબતો કોર્ટ ઓફિસરને સવારે ૧૦.૩૦ વાગ્યા સુધીમાં મોકલી શકાશે. નિયમ મુજબ, અધિકારીઓ તેને લંચ બ્રેક દરમિયાન અથવા જો જરૂરી હોય તો ચીફ જસ્ટિસ સમક્ષ મૂકશે. તાત્કાલિક સુનાવણીના કિસ્સામાં ઈ-મેઈલ પણ કરી શકાય છે. ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ પોતે મેઈલ પર બારીકાઈથી નજર રાખે છે.

સુપ્રીમ કોર્ટે રજાના દિવસે બળાત્કાર પીડિતાના ગર્ભપાત કેસની સુનાવણી કરી હતી. ૨૧ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે ગુજરાતની ૨૮ સપ્તાહની ગર્ભવતી બળાત્કાર પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી હતી. મહિલાએ અગાઉ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. કોર્ટે ૧૭મી ઓગસ્ટે કોઈપણ કારણ આપ્યા વગર તેની અરજી ફગાવી દીધી હતી. આ પછી પીડિતા ૧૯ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટ પહોંચી.

● અનુસંધાન પાન-૭ પર

બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા પહોંચેલા નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત

સાઉથ આફ્રિકાની અધ્યક્ષતામાં તા. ૨૨ થી ૨૪ ઓગષ્ટ દરમ્યાન યોજાઈ રહેલા બ્રિક્સ શિખર સંમેલનમાં હાજરી આપવા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જ્હોનિસબર્ગ પહોંચ્યા હતા. એરપોર્ટ પર વડાપ્રધાનનું સ્વાગત સત્તાવાર રીતે દબદબાભેર કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે એ દેશના પરંપરાગત નૃત્યકારો દ્વારા નૃત્ય કરીને નરેન્દ્ર મોદીનું લાગણીભર્યુ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતીયોનો એક વિશાળ સમુદાય નરેન્દ્ર મોદીના સ્વાગત માટે હાજર હતો. નરેન્દ્ર મોદી આ સર્વ મૂળ ભારતવાસીઓને મળવા તેમની નજીક ગયા હતા અને સર્વેનું અભિવાદન સ્વિકાર્યુ હતુ. એકઠા થયેલા સૌએ મોદી મોદીના નારા લગાવીને વડાપ્રધાન પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

બાલાકોટ એલઓસી પર બે ઘૂસણખોર ઠાર

જમ્મુ, તા.૨૨

જમ્મુ-કાશ્મીર બીએસએફને મોટી સફળતા મળી છે. બીએસએફના જવાનોએ પૂંચના બાલાકોટ સેક્ટરમાં એલઓસીપર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. એલર્ટ રહેલા બીએસએફના જવાનોએ બે ઘુસણખોરોને ઠાર કર્યા છે. માર્યા ગયેલા ઘૂસણખોરો પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો મળી આવ્યા છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની મૂળની દવાઓ સહિત શસ્ત્રો અને દારૂગોળોનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. ગુપ્તચર એજન્સીઓ અને પોલીસના ઈનપુટ્સ પરથી જાણવા મળ્યું છે કે કેટલાક ઘૂસણખોરો નિયંત્રણ રેખા પારથી બાલાકોટ સેક્ટરમાં પ્રવેશવાની રાહ જોવાઈ રહી છે. ઈનપુટ્સના આધારે મોનિટરિંગ ગ્રીડને એલર્ટ પર મૂકવામાં આવી હતી. ઘૂસણખોરો સરહદની નજીક પહોંચતા જ જવાનોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો અને તેના પર ફાયરિંગ કરવામાં આવતા બંને ઘુસણખોરો ઠાર થયા હતા.

કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ ભારત એનસીએપીની શરૂઆત કરી

હવે દેશમાં વાહનોનું ટેસ્ટીંગ થશે : ઓક્ટોબર-૧, ૨૦૨૩થી એજન્સી ઓટોમોટીવ ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ (એ.આઈ.એસ.) ૧૯૭ મુજબ કારનુ ક્રેશ ટેસ્ટ કરશે અને તેમને સેફ્ટી સ્ટાર રેટીંગ આપશે

નવી દિલ્હી, તા. ૨૨

ભારત ન્યુ કાર એસએસમેન્ટ પ્રોગ્રામ એટલે કે (ભારત એન.સી.એ.પી. અથવા

ડી.એન.સી.એ.પી.) ભારતમાં ટેસ્ટ કારને ક્રેશ કરવા અને તેને સલામતી રેટીંગ આપવા માટે શરૂ કરવામાં આવ્યો છે. કેન્દ્રિય રોડ ટ્રોન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ તે યોજના લોન્ચ કરી છે. ઓક્ટોબર-૨૦૨૩થી ઓટોમેટીવ ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ-૧૯૭ અનુસાર એજન્સી કારનું ક્રેશ ટેસ્ટ કરશે અને તેને સ્ટાર રેટીંગ આપશે. અગાઉ વિદેશી એજન્સીઓ ગ્લોબલ એ.ન.સી.એ.પી. (બી.એન.સી.એ.પી.) અને લેટીન એ.ન.સી.એ.પી. (એલ.એન.સી.એ.પી.) ભારતીય કારને તેમના માપદંડો અનુસાર ટેસ્ટ કરતી હતી. અને તેમને સેફ્ટી રેટીંગ આપતી હતી. પરંતુ હવે આ કામ આપણા દેશમાં થશે અને દેશમાં જ વાહનોનુ પરીક્ષણ કરવામાં આવશે. તેમજ તેને રેટીંગ પણ આપવામાં આવશે. અત્રે નોંધપાત્ર વાત એ છે કે એન.સી.એ.પી. ટેસ્ટમાં સેફ્ટી રેટીંગ ૦ થી ૫ વચ્ચે આપવામાં આવે છે. જેમાં ૦ સ્ટાર એટલે કાર અસુરક્ષીત છે એમ ગણવાનુ રહે છે. અકસ્માત સમયે તમે આવી કાર વાપરવાને કારણે બચી શકતા નથી. બીજી તરફ જો આપણે ફાઈવ સ્ટાર રેટીંગવાળી કાર વિષે વાત કરીએ તો જે કારને ફાઈવ સ્ટાર રેટીંગ મળે છે તે સૌથી સુરક્ષીત કારોમાની એક માનવામાં આવે છે. સારી સલામતીને કારણે ભારતીય કારો વધુ સારી રીતે સ્પર્ધા કરવામાં મદદ કરી શકે છે. વૈશ્વિક બજારે ભારતીય કાર ઉત્પાદકોની નિકાસ ક્ષમતા વધારી શકે છે.

હવે સવાલ એ ઉભો થાય કે સેફ્ટી રેટીંગ કેવી રીતે મેળવવુ ? તેનો જવાબ એ છે કે તાજેતરના

● અનુસંધાન પાન-૭ પર

છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્ર સરકાર ૧ સપ્ટેમ્બરથી 'મેરા બિલ મેરા અધિકાર' GST પુરસ્કાર યોજના શરૂ કરશે

નવી દિલ્હી, તા.૨૨

સીબીઆઈસીએ ટ્વીટ કર્યું કે, "ઈનવોઈસ ઈન્સેન્ટિવ સ્કીમ ધ્જી ઈન્વોઈસ અપલોડ કરવા પર રોકડ ઈનામો મેળવવાની મંજૂરી આપે છે." સરકાર 'મેરા બિલ મેરા અધિકાર' ઈન્વોઈસ ઈન્સેન્ટિવ સ્કીમ શરૂ કરશે, જે ૧ સપ્ટેમ્બરથી ?૧૦,૦૦૦ થી ?૧ કરોડ સુધીનું રોકડ ઈનામ ઓફર કરે છે, જેની શરૂઆત છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે થશે. આ યોજના,જેનો ઉદ્દેશ્ય ગ્રાહકોને તેઓ ખરીદી કરે ત્યારે દર વખતે બિલ માંગવા માટે પ્રેરિત કરવાનો છે, આસામ, ગુજરાત અને હરિયાણા રાજ્યોમાં શરૂ કરવામાં આવશે; અને પુડુચેરી, દમણ અને દીવ અને દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશો, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) એ જણાવ્યું હતું.

સીબીઆઈસીએ ટ્વીટ કર્યું કે, "ઈનવોઈસ ઈન્સેન્ટિવ સ્કીમ ધ્જી ઈન્વોઈસ અપલોડ કરવા પર રોકડ ઈનામો મેળવવાની મંજૂરી આપે છે."

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) રજિસ્ટર્ડ સપ્લાયર્સ દ્વારા ગ્રાહકોને જારી કરાયેલા તમામ ઈન્વોઈસ 'મેરા બિલ મેરા અધિકાર' સ્કીમ માટે પાત્ર હશે, જે અંતર્ગત માસિક અને ત્રિમાસિક લોટનો ડ્રો

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા ભાઈશ્રી ભરતસિંહજી ઉર્ફે પૃથ્વીસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી નું તા.૨૧-૦૮-૨૦૨૩ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરૂ, સદ્ગતનું બેસણું નીચે પ્રમાણે રાખેલ છે.

તા.૨૫-૮-૨૦૨૩ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧ કલાક સુધી
સ્થળ : શુભમ્ સંકુલ (રૂપરાજ), પોલિસ સ્ટેશન સામે, પેથાપુર, તા.જી.ગાંધીનગર

લિ. સૂર્યસિંહજી લક્ષ્મણસિંહજી ડાભી (એડવોકેટ-લેક્ચરર)
પૂર્વ પ્રમુખ, તાલુકા પંચાયત, ગાંધીનગર
પૂર્વ ડાયરેક્ટર - દેના ગુજરાત ગ્રામીણ બેંક

જયદેવસિંહજી પૃથ્વીસિંહજી ડાભી | હેતલસિંહજી ભગવાનસિંહજી દેવડા
ધૈર્યદેવસિંહજી સૂર્યસિંહજી ડાભી | વિજયસિંહજી લાલસિંહજી રાણા
અંજલીબા ચંદ્રસિંહજી ડાભી | અનિરૂદ્ધસિંહજી લાલસિંહજી રાણા
કાલિન્દીબા પૃથ્વીસિંહજી ડાભી | કુશલસિંહજી હેતલસિંહજી દેવડા
મેઘાબા પૃથ્વીસિંહજી ડાભી | ડો.વિધીબા હેતલસિંહજી દેવડા

સ્વ.સરલાબા લક્ષ્મણસિંહજી ડાભી પરિવાર, પેથાપુર